શ્રી દોઢસો વીસા ખડાયતાનો એકડો

# અતીત અને વર્તમાન - પરિચય

ઈ.સ. 1850 થી 1900નો સમય - હલધરવાસ, ઘોડાસર, મહેમદાવાદમાં રહેતા વીસા ખડાયતા વૈષ્ણવ વણિકો, ધીરધાર, ખેતી, પશુપાલન, ઘી-કપાસ, અનાજ-કરિયાણું, કાપડ-વાસણ વગેરેનો નાના પાયે વેપાર કરતા. રસ્તા કાચા, વાહન વ્યવહારની સગવડ નહીં, પુરુષો સાતેક ધોરણ ભણતા, સ્ત્રીઓનો અભ્યાસ નહિવત્ - એટલે આ ત્રણ ગામમાં કન્યાની લેવડ-દેવડ થતી. એ સમયે 230 કુટુંબો (ઘર) હતાં. આગેવાનો વચ્ચે મતભેદને લીધે બે ભાગ પડ્યા. 150 કુટુંબનો દોઢસોનો એકડો. 80 કુટુંબનો એંસીનો એકડો. વાત્રકને કાંઠે આવેલાં આ ત્રણ ગામોમાં સારા-નરસા પ્રસંગે ચાલીને એકા કે ગાડામાં જઈ શકતા. (નાનપણમાં વડીલો પાસેથી સાંભળ્યા અનુસાર).

ઈ.સ. 1900 થી 1950 દરમ્યાન દોઢસોના એકડાની કન્યાનાં લગ્ન પોતાના એકડામાં થતાં. નાનપણમાં સગાઈ થતી. કન્યા વિક્રયને પાપ ગણવામાં આવતું. જુદાં જુદાં ગોત્રવાળાં કુટુંબો હોઈ લગ્ન સંબંધ બાંધવામાં સરળતા રહેતી. વેપાર કે શિક્ષણ માટે કેટલાક વડીલો, અમદાવાદ, નડિયાદ, વડોદરા, મુંબઈ જેવા સ્થળે ગયા પણ લગ્નપ્રસંગ પોતાના ગામમાં ઉજવતા. ખાસ તો છોકરા-છોકરીઓએ અંગ્રેજી શાળાઓમાં અને કોલેજોમાં શિક્ષણ લેવાનું શરૂ કર્યું.

દોઢસોના એકડામાં કન્યાઓની અછત હતી. તેથી સાટાં, ત્રેખડાં ક્યારેક થતાં. વડીલો સંબંધ નક્કી કરતા. વર-કન્યા માટે પસંદગીનું વિશાળ ક્ષેત્ર મળે તેથી દોઢસોના એકડાના આગેવાન મહાજનોએ બીજા એકડા સાથે જોડાણ કરવાનું વિચાર્યું. વટવાના એકડાના આગેવાનો સાથે જોડાણ માટે વાટાઘાટો ચાલી પણ વાત આગળ ન વધી. પછી કઠલાલ, ભાનેર વગેરે ગામોના 242 એકડાના વડીલો સાથે વિચાર-વિમર્શ થયો અને જોડાવાનું નક્કી થયું. એ ગાળામાં એટલે કે વીસમી સદીના શરૂઆતના બીજા-ત્રીજા દસકામાં બન્ને એકડાની કન્યાઓની સગાઈ-લગ્ન એકબીજા એકડામાં થયાં હતાં. વચ્ચે બારેમાસ પાણી રહેતું એવી વાત્રક હોવાથી ખાસ કરીને ચોમાસામાં જવા-આવવાનું તકલીફ ભર્યું રહેતું. કઠલાલ, ભાનેર તરફ બીજો એકડો 262નો પણ હતો.

ઈ.સ. 1950 થી ઉત્તરોત્તર શિક્ષણનો વ્યાપ વધતો ગયો. ગણોતધારો આવતાં ખેતીની જમીન, થોડા અપવાદને બાદ કરતાં ગઈ. પાકી સડકવાળા રસ્તા, નદીઓ પર પુલ અને વાહનની સુવિધા થઈ. બેન્કો આવતાં ધીરધારમાં પણ તકલીફો આવતાં, શિક્ષિત યુવાનો શહેરોમાં રહેવા લાગ્યા. અમદાવાદમાં કાપડની મીલોમાં નોકરી મળી રહેતી. ગામડાં તૂટવા લાગ્યાં. છોકરીઓમાં શિક્ષણનો વ્યાપ વધવા લાગ્યો.

દોઢસોના એકડાના પરિવર્તન અને પ્રગતિનું ચિત્ર ઈ.સ. 2010માં પ્રગતિ મંડળે પ્રકાશિત કરેલી 'સરનામા સંચયિકા' પરથી જોઈ શકાય છે. એકડાના કુલ કુટુંબોની સંખ્યા 703 છે. જે પૈકી 64 કુટુંબો યુ.એસ.એ., કેનેડા, યુ.કે., ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, મસ્કત, દુબઈ, કેન્યા, સિંગાપુરમાં રહે છે. ગુજરાત બહારનાં ભારતનાં રાજ્યોમાં - કેન્દ્રશાસિત પ્રદેશ સહિત 11 કુટુંબ રહે છે. એકડાનાં મૂળ ત્રણ ગામો મહેમદાવાદ, ઘોડાસર, હલધરવાસમાં 111 કુટુંબો રહે છે. જેમાં સૌથી વધુ 347 કુટુંબો અમદાવાદમાં રહે છે. આપણાં એકડા બહાર બીજા એકડા, બીજી વૈષ્ણવ જ્ઞાતિઓ તથા અન્ય સ્થળે પરણાવેલી દીકરીઓની સંખ્યા 371 છે.

એકડાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તથા કંપની સેક્રેટરી 33, ડૉક્ટરો 34, એન્જિનીયર જેમાં બી.ઈ. ઉપરાંત એમ.ઈ., એમ.ટેક., એમ.એ., એમ.એસ. ગણતાં સંખ્યા 100 છે. આપણા એકડામાં બહારથી - બીજા એકડાઓમાંથી - કન્યાઓ આવેલી છે અને ગૃહલક્ષ્મી તરીકે રહેલ છે. આપણો એકડો સમસ્ત ખડાયતાની એકતાની વિભાવના સ્વીકારે છે. જુની રૂઢિઓને તિલાંજલી આપી નવા વિચારોને તે સ્વીકારતો રહ્યો છે. દોઢસો વીસા ખડાયતાનો એકડો પ્રગતિશીલ, સમય સાથે તાલ મિલાવતો પરિવર્તનશીલ, વિકાસશીલ પથ પર છે. એકડાના વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાયભૂત થવા, આર્થિક મદદરૂપ થવા પ્રગતિ મંડળ અને સેવા સમાજ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડવામાં આવે છે.

ડૉ. ગોવિંદલાલ શંકરલાલ શાહ